## **જ્ઞાનશક્તિ રેસીડેન્શિયલ સ્કૂલ્સ ઓફ એક્સેલેન્સ અને જ્ઞાનશક્તિ ટ્રાયબલ રેસીડેન્શિયલ સ્કૂલ્સ ઓફ એક્સેલેન્સની મુખ્ય વિશેષતાઓ**

**ગુજરાત રાજયના સરકારી શાળાના** 1,00,000 પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને જ્ઞાનશક્તિ રેસીડેન્શિયલ સ્કૂલ્સ અને **ખાસ આદિજાતી સમાજના** 50,000 પ્રતિભાશાળી વિદ્યાર્થીઓની જ્ઞાનશક્તિ ટ્રાયબલ રેસીડેન્શિયલ સ્કૂલ્સમાં **નિવાસી સુવિધા સાથે ધોરણ 6 થી 12 સુધીનું** શ્રેષ્ઠ ગુણવત્તાવાળુ શિક્ષણ વિનામૂલ્યે મળશે.

**આ શાળાઓમાં દર વર્ષે** ધોરણ 6 માં આશરે 15,000 અને ખાસ આદિજાતિ સમાજના 7,500 વિદ્યાર્થીઓને પ્રવેશ **આપવામાં આવશે. 7 માં વર્ષમાં** આ શાળાઓમાં લગભગ વિદ્યાર્થીઓની સંખ્યા અનુક્રમે 1,00,000 અને 50,000 થશે.

**આ શાળાઓમાં ધોરણ 6માં પ્રવેશ** માટે દર વર્ષે સરકારી અને અનુદાનિત શાળાઓમાં ધોરણ 1 થી 5નો અભ્યાસ કરેલ હોય અને જે તે વર્ષ ધોરણ 5માં અભ્યાસ કરતા હોય તેવા વિદ્યાર્થીઓની કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (CET) લેવામાં આવશે. આ CET ના મેરીટના આધારે પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

**વર્ષ 2024-25માં આ શાળાઓમાં પ્રવેશ માટે આગામી તા.31-03-2024 ના રોજ કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (CET) નું આયોજન કરવામાં આવશે.**

જ્ઞાનશક્તિ રેસીડેન્શિયલ સ્કૂલ્સ અને જ્ઞાનશક્તિ ટ્રાયબલ રેસીડેન્શિયલ સ્કૂલ્સમાં વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે અધતન શૈક્ષણિક-માળખાકીય સુવિધાઓ, નિવાસી છાત્રાલય સુવિધાઓ, રમત-ગમતની સુવિધાઓ, કલા, હસ્તકલા અને વ્યવસાયિક / કૌશલ્ય માટેની તાલીમ પૂરી પાડવામાં આવશે.

જ્ઞાનશક્તિ રેસીડેન્શિયલ સ્કૂલ્સ અને જ્ઞાનશક્તિ ટ્રાયબલ રેસીડેન્શિયલ સ્કૂલ્સમાં વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ શિક્ષણ પદ્ધતિઓ, ઉચ્ચ શિક્ષણ સામગ્રી, અભ્યાસના વૈકલ્પિક માધ્યમ વગેરે પણ પ્રદાન કરવામાં આવશે.

જ્ઞાનશક્તિ રેસીડેન્શિયલ સ્કૂલ્સ અને જ્ઞાનશક્તિ ટ્રાયબલ રેસીડેન્શિયલ સ્કૂલ્સમાં કારકિર્દી માર્ગદર્શન, સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેની તૈયારી માટે શ્રેષ્ઠ કોચિંગ સુવિધાઓ પૂરી પાડવામાં આવશે. અન્ય કારકિર્દી અને ઉચ્ચ અભ્યાસના વિકલ્પો માટે પણ વિદ્યાર્થીઓને સપોર્ટ આપવામાં આવશે.

આ શાળાઓમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિને અનુરૂપ, ગુજરાતીથી અંગ્રેજી માધ્યમમાં વિદ્યાર્થીઓને પરાગમન કરવા માટે ધોરણ 6 થી 8માં ગુજરાતી અને અંગ્રેજીનું દ્વિભાષી શૈક્ષણિક માધ્યમ હશે. જેમ જેમ તેઓ ધોરણ 9 થી 12 સુધી પહોંચે છે તેમ તેમ વિષય અને શિક્ષણના માધ્યમ તરીકે અંગ્રેજી પર વધુ ભાર મૂકવામાં આવશે. આ શાળાઓમાં વિદ્યાર્થીઓને હાયર ઓડર થીન્કિંગ, પ્રોબ્લેમ સોલ્વિંગ કેપેસિટી, લર્નિંગ બાય ડુઇંગ, મૂલ્ય આધારિત શિક્ષણ, સામાજિક અને ભાવનાત્મક કૌશલ્યો, સ્થાનિક સંસ્કૃતિ અને વારસાની સમજ, અસરકારક સંવાદની કળાઓમાં સજ્જ કરવામાં આવશે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, 2020 અનુસાર આ શાળાઓમાં બાળકો વિવિધ કૌશલ્યો પ્રાપ્ત કરે તેના પર ખાસ ધ્યાન કેન્દ્રિત થશે. ખાસ કરીને 21મી સદીની ટેકનોલોજી આધારિત સ્કીલ પર વધુ ભાર આપવામાં આવશે, અને આ કૌશલ્યો વિદ્યાર્થીઓને ભવિષ્યના પડકારોનો સામનો કરવા માટે સજ્જ કરશે.

આ શાળાઓમાં બાળકના વ્યક્તિત્વના સર્વાંગી વિકાસ માટે યોગ, રમતગમત, અને કલા જેવી સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ પર ખાસ ભાર મૂકવામાં આવશે અને તે માટે અલાયદા શિક્ષકો રાખવામાં આવશે.